જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૮/૨૦૧૯ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૩૪/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૬૫ લીટર દેશી દારૂ અને ૦૫ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૫૭ કેસ કરી, ૩૮૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૪૭,૩૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૩૫/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયો :- સમાચાર યાદી નં.૧૪૩૬/૧૯

**ઓઢવ** : હંસાબહેન વા/ઓ બાબુભાઈ મકવાણા (ઉ.વ.૪૨)(રહે.મન્સુરીની ચાલી નરોડા રેલ્વે સ્ટેશનની સામે હરીઓમ ડેરીની બાજુમાં નરોડા) તા.૨૪/૦૮/૨૦૧૯ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ સોનીની ચાલી રેનબસેરા હોટલની નજીક આવેલ હનુમાનજીના મંદીરની નજીક રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષે હંસાબહેનના ગળામાંથી સોનાનો પેન્ડલ સહિતનો દોરો કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ હંસાબહેન મકવાણા એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એ.ઝાલા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.